**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૧૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૬૯ ટકા

# શહેરમાં હજુ જાહેરમાં કચરો સળગે છે

ગાંધીનગર, તા.૨૦

સ્વચ્છ ભારત-શ્રેષ્ઠ ભારતના અભિયાન સાથે ગુજરાત પણ સ્વચ્છ રહે તે માટે સરકાર ઘણા ખરા અભિયાન કરી રહી છે. એમાંય ગુજરાતનું હરિયાળુ પાટનગર ગાંધીનગર જયાં શિક્ષિતો સાથે પર્યાવરણ માટે નાગરિકો જાગૃત છે જયાં જાહેરમાં કચરો સળગાવવાની સુપ્રિમ કોર્ટની મનાઈ છે ત્યાં બિન્દાસ્ત ફૂટપાથ ઉપર કચરો સળગાવાઈ રહ્યો છે. સે-૨૧માં ફૂટપાથ પર આવા દશ્યો જોવા મળી રહ્યા છે અને રહેવાસીઓ તો ઘણીવાર આ કામ કરે છે પરંતુ સફાઈ કર્મચારીઓ ફૂટપાથ પર કચરો સળગાવતા હોવાનું ધ્યાને આવ્યું છે જે શરમજનક બાબત કહી શકાય.



ગાંધીનગર શહેરમાં સફાઈ અભિયાન હાથ ધરવા છતાં યોગ્ય સફાઈ થતી નથી. બીજી બાજુ ફૂટપાથની જાળવણી થતી નથી. ઘણી જગ્યાએ ગાબડા જોવા મળે છે. ફૂટપાથ પર વાહન ચલાવવાથી નુકસાન થાય છે તેની જાણ હોવા છતાં ઘણા ફૂટપાથ ઉપર વાહન ચલાવી તેને નુકસાન પહોંચાડે છે અને હવે તો ફૂટપાથ પર કચરો પણ સળગાવાય છે. તેનાથી પ્રદૂષણ તો ફેલાય છે પરંતુ ફૂટપાથને ઘણું નુકશાન થાય છે. ફૂટપાથ ઉપર વોકિંગ કરવા કે જાહેર રસ્તા પરથી ચાલીને પસાર ન થવું હોય તો ફૂટપાથ પર ચાલીને અંતર કાપી શકાય તે હેતુથી ફૂટપાથ બનાવાયા હોય છે પરંતુ ત્યાં ચાલતા જ કચરાના ઢેર કાં તો બળેલો કચરો કે ફૂટપાથમાં ગાબડા હોય તો કઈ રીતે કોઈ ચાલી પણ શકે તેમ શહેરીજનો જણાવી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, જાહેરમાં કચરો સળગાવવા બાબત માટે સુપ્રિમ કોર્ટે વર્ષોથી મનાઈ હુકમ કર્યો છે. ગાંધીનગર ગુજરાતનું પાટનગર છે જયાં કાયદાના લીરે લીરા ઉડે છે. સરકાર તથા કોર્ટની તાકીદ હોવા છતાં ગાંધીનગરમાં જાહેરમાં કચરો સળગાવાય છે અને હવે તો ફૂટપાથને પણ બાકી રખાઈ નથી. ગાંધીનગર જેવું શિક્ષિત નગર જયાં પર્યાવરણના રક્ષણ માટે અનેક સુવિધા ઉપલબ્ધ છે અનેક યુવાનો સ્વચ્છતા પ્રત્યે સજાગ અને પ્રતિબધ્ધ હોય તેવા દશ્યો સર્જાઈ રહ્યા છે. કયાં સુધી તંત્ર આંખ આડા કાન કરશે? આ ઘટના બાબતે તંત્ર દ્વારા ઝડપથી પગલા લેવાય તે જરુરી છે. પર્યાવરણ બચાવોના અભિગમને ધ્યાનમાં રાખી વાતાવરણને શુધ્ધ કરવા પગલા લેવાય તેવી પર્યાવરણ પ્રેમીઓ દ્વારા માંગ ઉઠવા પામી છે.

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**દબંગ-૩**
૯.૦૦, ૯.૫૫, ૧૧.૫૦, ૧૨.૨૫, ૧.૨૦, ૩.૦૫, ૩.૫૦, ૪.૪૫, ૬.૩૦, ૭.૧૫, ૮.૧૦, ૯.૫૫, ૧૦.૪૦
**જુમાનજી ધ નેક્સ્ટ લેવલ**
(૩-ડી હિન્દી) ૨.૪૦, ૮.૦૫, ૯.૦૫
**મર્દાની-૨**
૯.૨૫, ૫,૨૦, ૧૦.૧૫
**પતિ પત્નિ ઔર વો**
૨.૪૦, ૭.૩૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**દબંગ-૩**
૯.૦૦, ૧૦.૨૫, ૧૧.૨૫, ૧૨.૨૫, ૧.૫૦, ૨.૫૦, ૩.૫૦, ૫.૧૫, ૬.૧૫, ૭.૧૫, ૮.૪૦, ૯.૪૦, ૧૦.૪૦
**જુમાનજી ધ નેક્સ્ટ લેવલ**
(૩-ડી હિન્દી) ૧.૪૦, ૭.૧૫, ૯.૫૦
**પતિ પત્નિ ઔર વો**
૧૨.૨૫, ૧૦.૩૦
**મર્દાની - ૨**
૯.૨૦, ૩.૦૫, ૮.૧૫

**સિટી પલ્સ, કુડાસણ**

**દબંગ-૩**
૧૨.૧૫, ૧.૦૦, ૩.૩૦, ૪.૧૫, ૬.૪૫, ૧૦.૦૦, ૧૧.૧૫, ૨.૩૦, ૫.૪૫, ૯.૩૦, ૯.૪૫
**જુમાનજી ધ નેક્સ્ટ લેવલ**
(હિન્દી) ૧.૦૦, ૪.૧૫, ૯.૪૫, ૭.૩૦
**મર્દાની**
૧૨.૩૦, ૫.૧૫, ૧૦.૧૫
**પતિ, પત્નિ ઔર વો**
૨.૪૫, ૭.૩૦

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**દબંગ-૩**
૯.૦૦, ૧૦.૩૦, ૧૧.૩૦, ૧૨.૩૦, ૨.૦૦, ૩.૦૦, ૪.૦૦, ૬.૩૦, ૭.૩૦, ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦
**જુમાનજી ધ નેક્સ્ટ લેવલ**
(૩-ડી હિન્દી)
૨.૦૦, ૭.૧૫
**મર્દાની-૨**
૪.૪૫
**પતિ પત્નિ ઔર વો**
૫.૩૦

# બીએસએફની રાષ્ટ્રીય કક્ષાની બેડમિન્ટન ટૂર્નામેન્ટમાં ગુજરાત ફ્રન્ટિયર ટીમ વિજેતા



ગાંધીનગર, તા.૨૦

શિયાળાની ઋતુમાં રમતગમત-વ્યાયામ જેવી પ્રવૃત્તિઓ પુરબહારમાં ખિલી ઉઠે છે. ગાંધીનગર ખાતેના સીમા સુરક્ષા દળની રાષ્ટ્રીય કક્ષાની ઈન્ટર ફ્રન્ટિયર બેડમિન્ટન ટૂર્નામેન્ટ ૨૦૧૯ તા. ૧૭ થી ૧૯ ડિસેમ્બર દરમ્યાન ગુજરાત ફ્રન્ટિયરના યજમાનપદે યોજાઈ હતી. આ ટૂર્નામેન્ટમાં ગુજરાત ફ્રન્ટિયરની ટીમે પ્રથમ સ્થાન, મેઘાલયની શિલોંગ ફ્રન્ટિયર ટીમે દ્વિતિય સ્થાન તથા સાઉથ બેંગાલ ફ્રન્ટિયરની ટીમે તૃતીય સ્થાન હાંસલ કર્યુ હતું.

બીએસએફના ગાંધીનગર ખાતેના કેમ્પસમાં યોજાયેલી રાષ્ટ્રીય કક્ષાની ઈન્ટર બીએસએફ ફ્રન્ટિયર બેડમિન્ટન ટૂર્નામેન્ટ ૨૦૧૯નું ગઈકાલે સમાપન થયું હતું. આ ટૂર્નામેન્ટમાં ગાંધીનગર ખાતેની ગુજરાત ફ્રન્ટિયર ટીમે યશસ્વી પરફોર્મન્સ કરતા પ્રથમ સ્થાન હાંસલ કરી વિજેતા ટ્રોફી મેળવી હતી. સમાપન સમારંભે યોજાયેલા કાર્યક્રમમાં બીએસએફના ગુજરાત ફ્રન્ટિયરના મહાનિર્દેશક જી.એસ. મલિકના હસ્તે વિજેતા ટીમોને સન્માનિત કરવામાં આવી હતી. આ પ્રસંગે બીએસએફ કેમ્પસના અધિકારીઓ, જવાનો અને કર્મચારીઓ તથા તેમના પરિવારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ડેપ્યુટી ડાયરેકટર પ્રશાંત રાઘવ મહેમાન પદે ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત ફ્રન્ટિયર સહિત સમગ્ર બીએસએફ પૈકી ૪૦ જેટલા રાષ્ટ્રીય કક્ષાના ખેલાડીઓએ ટૂર્નામેન્ટમાં ભાગ લીધો હતો. કાર્યક્રમના સમાપને ગુજરાત ફ્રન્ટિયર દ્વારા ‘બડા ખાના’નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખેલાડીઓ, મહેમાનો સહિત ઉપસ્થિત દર્શકો અને બીએસએફ કેમ્પસના પરિવારોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

# શહેરમાં નાતાલની ઉજવણીની તૈયારીઓ શરૂ

## ક્રિસમસ ટ્રી, સાન્ટાકલોઝના કપડાં-ટોપી, લાઈટીંગ સિરિઝ, બલૂન્સ, જીંગલ્સ બેલ્સ, ચોકલેટસ, કેક-કુકીઝ વગેરેની ખરીદીનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૦

જેમ જેમ ડિસેમ્બર માસ તેના અંતિમ ચરણ તરફ આગળ વધતો જાય છે તેમ તેમ શહેરમાં નાતાલ અને ન્યુ યર ઈવનીંગ જેવા પ્રસંગોની ઉજવણી માટેની તૈયારીઓ જોર પકડતી જાય છે. શહેરમાં વસતા ઈસાઈ પરિવારો દ્વારા નાતાલ પર્વની તૈયારીઓ આરંભી દેવાઈ છે અને બજારોમાં નાતાલની ઉજવણીને લગતી ચીજવસ્તુઓની ખરીદી થતી જોવા મળી રહી છે.

નાતાલ એટલે ઈસુ ખ્રિસ્તના જન્મદિવસની ઉજવણીનું પર્વ છે જે ઈસાઈ પંચાગનું આખરી પર્વ છે. વિશ્વભરમાં નાતાલના તહેવારનું મહત્વ જોવા મળે છે. ગાંધીનગરમાં પણ મોટી સંખ્યામાં ખ્રિસ્તી પરિવારો વસી રહ્યા છે. જેઓ દર વર્ષે નાતાલના તહેવારોની પરંપરાગત રીતે ઉજવણી કરે છે. આ વર્ષે પણ આ પરિવારોએ નાતાલના પર્વની આડે જયારે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે તેની તૈયારીઓ આરંભી દીધી છે. શહેરના ચર્ચોમાં પણ નાતાલની ઉજવણીની તૈયારીઓ જોવા મળે છે. જેમાં માતા-મરિયમની ગભાણ સહિતની તૈયારીઓ જોવા મળી રહી છે. આ ઉપરાંત નાતાલ દરમિયાન વિશેષ પ્રાર્થના વગેરેના આયોજન કરવામાં આવે છે. ખ્રિસ્તી પરિવારો પોતાના ઘરો વ્યવસાયના સ્થળો વગેરેને રોશનીથી શણગારે છે અને ઘરમાં સજાવટ સાથે ક્રિસમસ ટ્રી મુકવામાં આવે છે. બાળકોને નાતાલમાં સાન્ટાકલોઝ અતિ પ્રિય હોય છે જે બાળકોને ચોકલેટસ તથા ગીફટસ આપે છે અને તેમના ચહેરાં પર ખુશીનું સ્મિત રેલાવે છે. નાતાલ પાર્ટી માટે જુદી જુદી સજાવટનો સામાન જેમાં લાઈટીંગ સિરીઝથી માંડીને ફુગ્ગા, રિબન્સ જેવી સામગ્રી ખરીદવામાં આવે છે બાળકો દ્વારા સાન્ટાકલોઝની લાલટોપી સહિતની ચીજવસ્તુઓની ખરીદી કરવામાં આવે છે. શહેરમાં સે-૨૧, સે-૭, સે-૨૪ વગેરે સ્થળોએ નાતાલના તહેવાર માટેની સામગ્રી જેવી કે ક્રિસમસ ટ્રી, જીંગલ બેલ્સ, રિબિન્સ, બલૂન્સ, ચોકલેટસ-બિસ્કિટસ, કુકીઝ વગેરેની ખરીદી કરવામાં આવી રહી છે.





## આજે ગાંધીનગરમાં

● સે-૧ સ્થિત સમદર્શન આશ્રમ ખાતે પૂજય ગુરૂમા સમાનંદ સરસ્વતીજીની વ્યાસપીઠે યોજાયેલ ભાગવત કથા અંતર્ગત સવારે ૯ થી ૧૨ અને બપોરે ૩ થી ૬ દરમિયાન કૃષ્ણ-રૂકમણી વિવાહ, કૃષ્ણ સુદામા મિલન યોજાશે.

● લોહાણા યુવા સંગઠન દ્વારા પારસ પાંધીના સ્વરે જલારામ બાપાના પરચા સાથેનો ભવ્ય લોકડાયરો રાત્રે ૮ કલાકે સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે યોજાશે.

● ભારતીય પ્રશિક્ષક પ્રશિક્ષણ સંસ્થાનો બીજો પદવીદાન સમારોહ સવારે ૧૧ વાગ્યે મહાત્મા મંદિર ખાતે યોજાશે.

● પ્રિટી વુમન્સ કલબ દ્વારા સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે બપોરે ૨ થી ૬ દરમિયાન મ્યુઝિકલ હાઉઝી યોજાશે.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સંલગ્ન વિદ્યાલયના શિક્ષકો માટે ‘ગુજરાતી ભાષા સજજતા કાર્યશાળા’ યોજાઈ

ગાંધીનગર, તા.૨૦

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં ૧૯ અને ૨૦ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ ‘ગુજરાતી ભાષા સજજતા કાર્યશાળા’નું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રથમ દિવસે પ્રશિક્ષણનો શુભારંભ ઉદઘાટન સત્રથી થયો હતો. જેમાં યુનિવર્સિટીના પ્રશિક્ષણ કેન્દ્રના સંયોજક ડૉ. નીલેશ પંડયા, શિક્ષણ નિયામક ડૉ. મીનળબા જાડેજા, ડૉ. જિજ્ઞેશ પટેલ, ડૉ. રૂપમ ઉપાધ્યાય, ડૉ. ધર્માંશુ વૈદ્ય ઉપસ્થિત રહ્યા હતા.




પ્રશિક્ષણમાં કુલ ૨૫ શિક્ષકો સહભાગી બન્યા હતા. ઉપરાંત ગર્ભસંસ્કારના કાર્ય સાથે સંકળાયેલા ચાર પરામર્શક બહેનો પ્રતિભાગી તરીકે જોડાયા હતા. બંને દિવસ તજજ્ઞ તરીકે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદ પ્ર. શાહ, કલ્પેશ પટેલ અને ઉમાકાન્ત રાજયગુરુએ પ્રશિક્ષણ કાર્ય કર્યુ હતું. જેમાં ગુજરાતીના વ્યંજન, સ્વર પરિચય, છંદ, અલંકાર, સંધિ, સમાસ, અનુસ્વારના નિયમોની સ્પષ્ટ અને શાસ્ત્રીય સમજના આધારે સાચા ગુજરાતી લેખન માટે શિક્ષકોને સજ્જ કરવામાં આવ્યા હતા. સહભાગીઓના પ્રતિભાવો મેળવી અને પ્રમાણપત્ર વિતરણ કરીને પ્રશિક્ષણ કાર્યક્રમ સંપન્ન થયો હતો.

## ગાંધીનગર શહેર સુવર્ણકાર મંડળના સ્નેહમિનલ કાર્યક્રમના તારીખ અને સ્થળમાં ફેરફાર

ગાંધીનગર શહેર સુવર્ણકાર મંડળના બે વર્ષના સંયુકત સ્નેહમિલન ૨૦૧૯ની તારીખ અને સ્થળમાં અનિવાર્ય કારણોસર ફેરફાર કરવામાં આવ્યો છે. જેની સર્વે જ્ઞાતિજનોને નોંધ લેવા સંસ્થા દ્વારા જણાવાયું છે. આ સ્નેહમિલન તા. ૨૨ ડિસેમ્બર ૨૦૧૯ રવિવારના બદલે તા. ૧૨ જાન્યુઆરી ૨૦૨૦ રવિવારના રોજ બપોરે ૨ કલાકથી રંગોલી ઈન્ટરનેશનલ સ્કુલ, આલમપુર ચિલોડા હાઈવે-ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યું છે. જ્ઞાતિજનોને બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા સંસ્થાના મહામંત્રી હરેશ સોની દ્વારા જણાવાયું છે.

# એલ.આર.ડી. મહિલા ઉમેદવારોનું આંદોલન વધુ મજબૂત

## પરીક્ષાના અંતે અનામત સંવર્ગમાં આવતી મહીલા ઉમેદવારોની જનરલ મેરીટમાંથી બાદબાકી કરતા વિરોધ પ્રબળ બન્યો

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત સરકાર દ્વારા ગત ઓગષ્ટમાં લેવાયેલી એલ.આર.ડી. સંવર્ગની કુલ ૯૭૧૩ જગ્યાની જાહેરાત બહાર પાડવામાં આવી હતી. જયારે આ પૈકી મહીલા માટે ૩૦૭૭ જેટલી જગ્યા હતી. જયારે આ પરીક્ષાના પરિણામના અંતે અનામત વર્ગમાં આવતી ઉચ્ચ મેરીટવાળી મહીલા ઉમેદવારોની જનરલ મેરીટમાંથી બાદબાકી થતા રાજયમાંથી ૧૦૦થી વધુ મહીલાઓએ આંદોલનના રાહે લડત આપવાનું શરૂ કર્યું છે.

ગાંધીનગર સત્યાગ્રહણ છાવણી ખાતે શરૂ થયેલું એલઆરડી મહિલા ઉમેદવારોનું આંદોલન હવે ધીરે-ધીરે વધુ મજબૂત બની રહ્યું છે. એસસી, એસટી, ઓબીસી મહિલા ઉમેદવારના સમર્થનમાં હવે આશા વર્કર અગ્રણી ચંદ્રીકાબેન સોલંકી અને સામાજિક કાર્યકર હસમુખ સક્સેના પણ આવી ગયા છે. શુક્રવારથી ૧૧ મહિલા ઉમેદવારો, ચંદ્રીકાબેન સોલંકી અને હસમુખ સક્સેનાએ પ્રતિક ઉપવાસ શરૂ કર્યા છે. બે દિવસ સુધી સરકાર તરફે કોઈ હકારાત્મક જવાબ નહીં આવે તો મહિલા ઉમેદવારો અચોક્કસ મુદતની ઉપવાસ શરૂ કરી દેશે. ઉલ્લેખનિય છે કે ગુજરાત સરકાર દ્વારા ઓગષ્ટ ૨૦૧૮માં પોલીસ વિભાગની LRD સંવર્ગની કુલ ૯૭૧૩ જગ્યાની જાહેરાત બહાર પાડવામાં આવી હતી. જેમાં મહિલાઓ માટે ૩૦૭૭ જેટલી જગ્યાઓ હતી, જેની પરીક્ષા સરકારે ૬ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ લીધી હતી. આ પરીક્ષાનું મેરીટ ૩૧ ઓક્ટોબરે રિલીઝ કરવામાં આવ્યું હતું. જેમાં અનામત વર્ગમાં આવતી ઉચ્ચ મેરીટવાળી મહિલા ઉમેદવારોની જનરલ મેરીટમાંથી બાદબાકી કરાઈ છે. જેની સામે વિરોધ નોંધાવતા રાજ્યભરમાંથી ૧૦૦થી વધુ મહિલા ઉમેદવારો હાલ ગાંધીનગરમાં ધરણાં પર બેઠી છે.

## ત્રિદલ સંસ્થાની માસિક બેઠક મળશે

ગાંધીનગર, તા.૨૦

શિક્ષણ, સાહિત્ય અને સમાજનો સહજ સમન્વય ઝંખતી ‘ત્રિદલ’ સંસ્થાની માસિક બેઠક તા. ૨૨ ડિસેમ્બરના રોજ સાંજે ૪.૩૦ કલાકે ૭૯૦, નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે સે-૨૧ ખાતે મળશે.

બેઠકમાં ઉપસ્થિત સાહિત્ય સર્જકો દ્વારા મૌલિક એવી માનવવાદી રચનાઓ પ્રસ્તુત કરવામાં આવશે. જે સંસ્થાના મુખપત્ર ‘ત્રિદલ’માં પ્રસિધ્ધ થશે. સૌ સભ્યો તથા ભાવકોને ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણી દ્વારા જણાવાયું છે.

# વાવોલના વડીલો માટે અનોખી દ્વિતીય આનંદ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૨૦

વાવોલથી પુંદ્રાસણ રોડ પર શ્રી ખોડિયાર ધામ મંદિરે તા. ૨૨મી ડિસેમ્બર રવિવારના રોજ સવારે ૯ થી સાંજના ૫ વાગ્યા સુધી વાવોલ વિસ્તાર વિકાસ સમિતિ દ્વારા આયોજીત અને હેપ્પી યુથ ક્લબ સંચાલિત વાવોલમાં વસતા વડીલો માટેની દ્વિતીય આનંદ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આનંદ શિબિરમાં વિવિધ વકતાઓ વડીલોને જીવનમાં આનંદનું મહત્વ અને તેના પ્રાપ્તિસ્થાનો અંગે માર્ગદર્શન આપશે તેમજ વડીલોને તન અને મનના સ્વાસ્થ્ય અંગે સમજ સાથે વિવિધ પ્રકારના સ્વાસ્થ્યવર્ધક અને મનોરંજક કાર્યક્રમો જેવા કે યોગ-પ્રાણાયામ, પારિવારિક કોમેડી નાટક, કરાઓકે સંગીત, પ્રકૃતિની સુંદરતાનું ઓડિયો-વિઝ્યુલ પ્રેઝન્ટેશન વગેરેનું આયોજન કરવામાં આવ્યું છે.

આનંદ શિબિરના ઉદ્ઘાટન કાર્યક્રમમાં મુખ્ય મહેમાનપદે ગાંધીનગર ઉત્તર બેઠકના ધારાસભ્ય ડો. સી. જે. ચાવડા અને ખોડિયાર મંદિરના પીઠાધિશ્વર સોમભાઈ પ્રજાપતિ ઉપસ્થિત રહેશે. આનંદ શિબિરમાં ૩૦૦થી વધુ વડીલોએ નામ નોંધાવ્યા છે શિબિરમાં ૭૫ વર્ષથી વધુ વયના વડીલોને સ્મૃતિચિહ્ન, પુસ્તક અને ફૂલછડી અર્પણ કરી સન્માનવામાં આવ્યા હતા.

**વાવોલ વિકાસ વિસ્તાર સમિતિ દ્વારા આયોજિત અને હેપ્પી યુથ ક્લબ દ્વારા સંચાલિત આનંદ શિબિરમાં ૩૦૦ થી વધુ વડીલોને દિવસભર આનંદ કરાવાશે : વિવિધ વકતાઓ, નાટક અને મનોરંજક કાર્યક્રમો સાથે શિબિરમાં વડીલોનું સન્માન પણ કરાશે**

આનંદ શિબિરમાં શહેરના વિવિધ ક્ષેત્રના વકતાઓ જેવા કે સર્વ શ્રી કૃષ્ણકાંત જહાં, ડો.દિપક તેરૈયા, જે.સી.પટેલ, ડો. રાકેશ ભટ્ટ વગેરેના વકતવ્યો ઉપરાંત શહેરના જાણીતા નાટયકાર કુંતલ નિમાવતની ટીમ દ્વારા પારિવારિક કોમેડી નાટક, હેપ્પી યુથ કલબ સંચાલિત હેપ્પી મ્યુઝિકલ ક્લબ દ્વારા કરાઓકે સંગીત શો વગરેનું આયોજન કરવામાં આવ્યું છે. આનંદ શિબિરમાં વડીલો માટે વાંચન યોગ્ય પુસ્તકો પ્રસ્તુત કરી “તરતુ પુસ્તક યોજના” પણ આયોજિત કરવામાં આવી છે.

વાવોલ વિસ્તાર વિકાસ સમિતિ આયોજીત વાવોલના વડીલોને આનંદ સાથે સન્માનીત કરવાનો અનોખા પ્રયાસરૂપે વાવોલના સોસાયટી વિસ્તારમાં વસતા વડીલો માટેની નિઃશુલ્ક એક દિવસીય આનંદ શિબિરનું સંચાલન કરવાની જવાબદારી ફરી એકવાર હેપ્પી યુથ ક્લબ દ્વારા ઉપાડવામાં આવી છે. આ શિબિરનો હેતુ પાછલી ઉંમરે બીમારી, એકલતા, ઉપેક્ષા કે સ્થાનફેરના કારણે માનસિક તણાવનો ભોગ બનતા વડીલોને આનંદની ક્ષણો પૂરી પાડી તેમના માનસિક તણાવને ઘટાડવામાં મદદરૂપ થવાનો અને તેમને જીવનને આનંદ સ્વરૂપે નિહાળવાનો નવો દ્રષ્ટિકોણ કેળવવાનો પ્રયાસ કરવાનો છે. આનંદ શિબિરમાં વડીલો માટે સવાર-સાંજ ચા-નાસ્તાની અને બપોરે ભોજનની વ્યવસ્થા નિઃશુલ્ક કરવામાં આવી છે.